# બાયડમાં વેપાર-ધંધા બીજા દિવસે સ્વયંભૂ સજ્જડ બંધ

## આજે ભીડની સંભાવના : આજથી ૧૦ દિવસ આંશિક લોકડાઉન, સવારે ૭-૦૦ થી બપોરે ૩-૦૦ સુધી ધંધા ચાલુ રહેશે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૧ કોરોના સામેના મહાજંગમાં વેપારીઓનો તંત્ર અને આરોગ્ય વિભાગને અમૂલ્ય સહયોગ મળી રહ્યો છે. બાયડ તેમજ તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાનો અજગરી ભરડો છે ત્યારે બાયડના વેપારીઓએ શનિ-રવિ બે દિવસનું સ્વયંભૂ બંધનું એલાન આપ્યું છે. સતત બીજા દિવસે રવિવારે પણ બાયડના વેપારીઓએ સજ્જડ બંધ રાખ્યો હતો જેના કારણે દિવસ દરમ્યાન બાયડના માર્ગો સૂમસામ ભાસતા હતા. જ્યારે શોપીંગ અને મોલ ભેંકાર જોવા મળ્યા. આજે સોમવારથી ૧૦ દિવસ વેપારીઓ આંશિક લૉકડાઉનનો સ્વયંભૂ અમલ કરવાના છે. સવારે ૭-૦૦ થી બપોરે ૩-૦૦ સુધી ધંધા-રોજગાર ચાલુ રહેશે. આવશ્યક સેવાઓ રાબેતા મુજબ ચાલુ રહેશે. ર






દિવસ ધંધા-રોજગાર સજ્જડ બંધ રહ્યા પછી આજે સોમવારે ખરીદી માટે ભીડ વધવાની દહેશત છે. જેથી સંક્રમણ વધી શકે છે.

અરવલ્લી જિલ્લો કોરોનાથી રીતસરનો કણસવા લાગ્યો છે. ગામે ગામ અને દર ૧૦ ઘર દીઠ કોરોનાનો એક સંક્રમિત કેસ જોવા મળ્યો છે. હવે તો કહેવાતા લોહીના સબંધીઓ






પણ કોરોનાનું નામ પડે એટલે સ્વજનની ખબર પૂછવાનું તો ઠીક પરંતુ મોબાઈલ ઉપર વાત કરવાનું પણ ટાળી રહ્યા છે. બાયડ તાલુકામાં કુદકે ને ભુસકે વધી રહેલા કોરોનાને હરાવવા માટે લૉકડાઉન આવશ્યક હતું બાયડના સમજુ વેપારીઓએ શનિ અને રવિવાર એમ બે દિવસના સ્વયંભૂ

લૉકડાઉનનો નિર્ણય કરી બાયડ પાલિકાને જાણ કરી હતી. ગત રોજ તમામ ધંધા-રોજગાર સજ્જડ બંધ રહ્યા પછી બીજા દિવસે પણ તમામ ધંધા-રોજગાર બંધ રાખીને વેપારીઓએ પ્રશાસનને સહકાર આપ્યો છે. અત્યારે લગ્નસરા સહિત અન્ય શુભ પ્રસંગોની મોસમ શરૂ થઈ છે. આવા સમયે જ કમાણી કરતાં પ્રજાની જીંદગી મહત્વની છે તેવું સમજનારા બાયડના વેપારીઓને સલામ..આજથી ૧૦ દિવસનું આંશિક લૉકડાઉન શરૂ થઈ રહ્યું છે ત્યારે વેપારીઓએ ફરજીયાત માસ્કનો ઉપયોગ કરવાનો છે તેમજ દુકાનો ઉપર ખરીદી માટે આવનારા લોકો પણ માસ્ક પહેરે તેની તકેદારી રાખી કોરોના સામેના જંગમાં આરોગ્ય વિભાગને સહકાર આપે તેવી અપીલ કરવામાં આવી છે.

### બાયડમાં કોરોના ટેસ્ટીંગ લેબ શરૂ કરવા માંગ

અરવલ્લી જિલ્લામાં કોરોના કહેર મચાવી રહ્યો છે. કોરોનાના કેટલા દર્દી તેનો સાચો આંકડો આરોગ્ય વિભાગ પાસે પણ નથી, ખાનગી તબીબો પાસે પણ નથી. ક્યારેક જિલ્લા બહાર રહેતા લોકો કોરોનાથી ચેપગ્રસ્ત થાય એટલે વતનમાં આવી જાય છે તેના કારણે પણ કોરોનાના સંક્રમણમાં ગ્રામ્ય વિસ્તારોમાં ઉછાળો આવ્યો છે. મોડાસા પછી સૌથી વધુ કોરોનાના કેસ બાયડ તાલુકામાં ૯૦૦ થી વધુ હોવાની આશંકા છે ત્યારે રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા બાયડમાં કોરોના ટેસ્ટીંગ લેબ શરૂ થાય તો બાયડ ઉપરાંત ધનસુરા, માલપુર, વિરપુર, બાલાસિનોર, કપડવંજ અને દહેગામ તાલુકાના કોરોનાગ્રસ્ત દર્દીઓને લેબનો લાભ મળી શકે છે. સવાર થી સાંજ કોરોના..કોરોના જ હાવિ થઈ રહ્યું છે. હવે તો કોરોના ન હોય તેવા લોકો પણ સામાન્ય ઉધરસ કે તાવ આવે તો પણ કોરોનામાં સપડાયાની મેન્ટાલીટીમાં સરી પડે છે. જે રીતે બાયડ અને તેના તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં કોરોનાના કેસ સતત ગતિ પકડી રહ્યા છે તે ચિંતાજનક બાબત છે.

## ગંભીર બેદરકારી : ધનસુરાના અંબાસર આરોગ્ય કેન્દ્રમાં કોરોના રસી બપોર સુધી ખુલ્લામાં પડી રહી

### બેજવાબદાર આરોગ્યકર્મી સામે પગલાં ભરવાની માંગ

બાયડ તા.૧૧

અરવલ્લી જિલ્લામાં આરોગ્ય વિભાગની કામગીરી સામે આંગળીઓ ચિંધાઈ રહી છે ત્યારે ૪૫ વર્ષથી ઉપરના લોકો માટે કોરોના રસીકરણ કેમ્પ શરૂ થયા છે ત્યારે ધનસુરા તાલુકાના અંબાસર પ્રાથમિક આરોગ્ય સબસેન્ટરમાં રવિવારે રસીકરણ કેમ્પનું આયોજન થયું પરંતુ આશ્ચર્ય વચ્ચે બપોર સુધી કોરોનાની રસી ૪૧ ડિગ્રી તાપમાનમાં ખુલ્લામાં પડી રહી છે છતાં કોઈ આરોગ્ય કર્મચારી ન ફરકતાં ગંભીર બેદરકારી સામે આવી છે. કોઈનો મોબાઈલ નહીં ઉપાડવાની ઓળખ ધરાવતા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી સામે કાર્યવાહી થશે કે કેમ..??

સરકાર અને આરોગ્ય વિભાગે પ્રજાના આરોગ્યની દરકાર કરી કોરોનાથી બચાવવાનું મહાઅભિયાન શરૂ કર્યું છે. માંડે માંડે પણ કોરોના રસીકરણ માટે પ્રજામાં જાગ્રતતા આવી છે. તા.૧ એપ્રિલથી ૪૫ વર્ષથી ઉપરના તમામ લોકો માટે કોરોના વેક્સિન આપવાની શરૂઆત થઈ. અરવલ્લી જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા ધોમધખતા તાપમાં રસીકરણ માટે લોકોને દૂર દુર ન જવું પડે તે માટે નજીકની પ્રા.શાળાઓ, સામૂહીક આરોગ્ય કેન્દ્ર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, રેફરલ હોસ્પિટલમાં રસીકરણ કેન્દ્રો શરૂ કર્યા જેનો અનેક લોકોએ લાભ લીધો છે. અરવલ્લી જિલ્લામાં શહેરી વિસ્તાર કરતાં ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાનું સંક્રમણ બેકાબુ બની રહ્યું છે. આરોગ્ય વિભાગ દ્વારા કોરોના રસી ગ્રામ્ય વિસ્તારમાં પણ લાભિત લોકોને મળે તેવા પ્રયાસો શરૂ કરી અગાઉથી જ કયા ગામમાં કયા સ્થળે રસીકરણ થશે તેનો કાર્યક્રમ જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા જાહેર કરવામાં આવ્યો છે. તા.૧૧ એપ્રિલ, રવિવારે અરવલ્લી જિલ્લાના મેઘરજ, મોડાસા, બાયડ, ધનસુરા, ભિલોડા, માલપુર તાલુકાના કુલ-૨૪૦ સ્થળોએ કોરોના રસીકરણના કાર્યક્રમોનું આયોજન થયું હતું પરંતુ ધનસુરાના અંબાસર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં અત્યંત મોંઘી કોરોના રસી કેન્દ્રની બહાર ખુલ્લામાં કલાકો સુધી પડી રહી હતી અને આરોગ્ય કેન્દ્રને ખંભાતી તાળું જોવા મળ્યું. કોરોના વેક્સિન લેવા માટે આવેલા કેટલાક લોકોને કોઈ હાજર ન હોઈ પાછા જવાની નોબત આવી હતી.



### અરવલ્લીના ૩૬ પોલીસ કોન્સ્ટેબલોને હેડ કોન્સ્ટેબલ તરીકે બઢતી

અરવલ્લી જિલ્લામાં કેટલાક પોલીસ અધિકારીઓના કારણે ખાખી વર્દીની છબી ખરડાતાં પોલીસ બેડામાં નિરાશા વ્યાપી હતી ત્યારે જિલ્લા પોલીસ વડા સંજય ખરાતે ૩૬ પોલીસ કર્મીઓને હેડકોન્સ્ટેબલ તરીકે બઢતી આપતાં પોલીસ બેડામાં કોરોના કાળમાં ખુશાલી છવાઈ છે. તદ્દન હંગામી ધોરણે હેડકોન્સ્ટેબલ તરીકે બઢતી આપી અનાર્મ હેડકોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવવા નિયુક્તિના આદેશ કર્યા છે.

કયા કર્મચારીઓને બઢતી.. : ધીરચંદ પનાભાઈ, ઈશ્વરસિંહ દોલતસિંહ, આઝાદ દિલીપભાઈ, જગદીશ કુબેરભાઈ, શૈલેષ નરસિંહભાઈ, પિન્ટુબેન કનુભાઈ, મોહસીન રઈશખાન, જયેશ જયંતિભાઈ, સુરેશ ગલાભાઈ, મેહુલ કાનાભાઈ, નરેન્દ્ર કાન્તિલાલ, ભૂપેન્દ્ર ફુલાભાઈ, ધર્મેન્દ્રસિંહ મોહનસિંહ, મૌલિક કનુભાઈ, સંજય અમૃતભાઈ, હિતેષ દશરથગીરી, વિજય ભલાભાઈ, ઉપાસનાબેન નરેન્દ્રભાઈ, તેજલબેન મહેન્દ્રભાઈ, ચેતનાબેન બાબુભાઈ, બીનાબેન કેશુભાઈ વિગેરેને બઢતી આપવામાં આવી છે.




**પેઢમાલા ખાતે ૪૫ વર્ષથી ઉપરની વ્યક્તિઓને કોરોના વેક્સિન અપાઇ**

હિંમતનગર સહિત સાબરકાંઠા જિલ્લામાં દિન-પ્રતિદિન કોરોનાનો કહેર વધી રહ્યો છે ત્યારે સરકાર દ્વારા ૪૫ વર્ષથી ઉપરની તમામ વ્યક્તિઓને કોરોના વેક્સિન આપવાની કામગીરી ચાલી રહી છે ત્યારે હિંમતનગર તાલુકા આરોગ્ય વિભાગ દ્વારા દેસાસણ પી.એચ.સી ના મેડિકલ સ્ટાફ દ્વારા પેઢમાલા ગામે આજ રોજ હેલ્થ એન્ડ વલનેસ સેન્ટર ખાતે ૪૫ વર્ષથી ઉપરની વ્યક્તિઓ ને કોરોના વેક્સિન આપવામાં આવી હતી. હેલ્થ ઓફિસર વિજય ભાઈ દવે દ્વારા લોકો ને ફરજિયાત માસ્ક પહેરવા તેમજ કામ સિવાય ઘર ની બહાર ન નીકળવા અપીલ કરવામાં આવી હતી.

### પ્રાંતિજમા કંપનીઓવાળા બે-બે દિવસે રેપિડ ટેસ્ટ માટે મોકલતા સિવિલમા રેપિડ કીટ ખલાસ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ સિવિલ મા હાલ તો રેપિડ ટેસ્ટ માટે પ્રાંતિજ તથા તાલુકામાંથી લોકો આવે છે તો બીજીબાજુ પ્રાંતિજ મા આવેલ કંપનીઓ વાળા પણ બે-બે દિવસે કંપનીમા કામ કરતા લોકો ને રેપિડ ટેસ્ટ માટે મોકલતા પ્રાંતિજ સિવિલ મા રાફડો ફાટે છે અને કંપની ના કામદારો આવતા કીટો પણ ઓછી પડે છે. એકબાજુ કોરોના એ કહેર મચાવ્યો છે તો બીજીબાજુ પ્રાંતિજ સહિત તાલુકામા આવેલ ફેક્ટરીઓ દ્વારા પ્રાંતિજ સિવિલ મા બે-બે દિવસે રેપિડ ટેસ્ટ કરવા માટે મોકલતા હોવાથી સિવિલ મા મોટો ભરાવો થાય છે અને સિવિલ મા એકબાજુ ઈમર્જન્સી કેસો , ઓપીડીઓ અને કોરો ના વેક્સિન કામગીરી સાથે રેપિડ ટેસ્ટ પણ કરવાવવા માટે આવે છે ત્યારે મોટાભાગે કંપનીઓમાથી કામદારો ને અવારનવાર ટેસ્ટ માટે કંપનીઓ વાળા મોકલતા હોવાથી હાલતો પ્રાંતિજ સિવિલ મા રેપિડ કીટ ખુટી પડે છે અને ખરેખર જરૂરિયાત વ્યકિત આવતા કીટ પુરી થઈ જતા ટેસ્ટ થઈ શકતો નથી ત્યારે સરકાર દ્વારા આવી પ્રાઈવેટ કંપનીઓને પોતાના ખર્ચે પ્રાઈવેટ મા કે પોતાની કંપની માજ ટેસ્ટ થાય તેવી સુચના આપવામા આવે.

## અરવલ્લીમાં કોરોના વિસ્ફોટથી શામળાજી, દિપેશ્વરી ધામ ભક્તોના દર્શન માટે બંધ

### ૨૧ એપ્રિલ, રામનવમીએ શામળાજી મંદિરના દ્વાર ખુલશે, તા.૩૦ એપ્રિલ સુધી દિપેશ્વરી મંદિરના દ્વાર બંધ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૧ અરવલ્લી જિલ્લામાં કોરોનાની ભયાવહ સ્થિતિને ધ્યાને



રાખી પવિત્ર યાત્રાધામ શામળાજી મંદિર ૧૦ દિવસ સુધી દર્શનાર્થીઓ માટે બંધ કરવામાં આવ્યું છે. જ્યારે બાયડ તાલુકાના જૂનાઉંટરડાનું અનેક દંતકથાઓથી પ્રચલિત દિપેશ્વરી ધામ ૨૦ દિવસ સુધી બંધ રાખવાનો ટ્રસ્ટી મંડળે નિર્ણય કર્યો છે. કોરોના વિસ્ફોટ થતાં ઉત્તર ગુજરાતના અનેક ધાર્મિક સ્થળો ભક્તોના દર્શન માટે બંધ કરવામાં આવ્યા છે કાં તો દર્શનનો સમય ઓછો કરવામાં આવ્યો છે.

કોઈ બિમારી વધતી હોય તો મંદિરમાં પહોંચી પ્રાર્થના કરી વધતી બિમારીને અટકાવવા માટે પ્રાર્થના કરવામાં આવતી હોય છે પરંતુ રાજ્યના ઈતિહાસમાં પ્રથમવાર કોરોનાનું સંક્રમણ બેકાબુ બનતાં અનેકવાર દેવમંદિરોના દ્વાર બંધ કરવામાં આવ્યા. કોરોનાએ માત્ર વેપાર-ઉદ્યોગને જ અસર કરી છે તેવું નથી દેવમંદિરોની આવકને પણ મોટો ફટકો પડ્યો છે.

અરવલ્લી જિલ્લામાં કોરોનાનું સંક્રમણ બેકાબુ બન્યા પછી દર મહિને લાખો શ્રદ્ધાળુઓ શામળાજી મંદિરમાં દર્શને આવતા હોય છે ત્યારે સંક્રમણ વધુ ન ફેલાય તે માટે ટ્રસ્ટી મંડળ દ્વારા આગામી ૧૦ દિવસ સુધી શામળાજી વિષ્ણુ મંદિર દર્શનાર્થીઓ માટે બંધ રાખવાનો નિર્ણય જાહેર કરવામાં આવ્યો છે.

શામળાજી મંદિરના શામળીયા ભગવાનને બંધ બારણે મંદિરના પૂંજારી અને મુખીયા દ્વારા પૂંજા કરવામાં આવશે અને મંદિર આગામી રામનવમીના દિવસથી એટલે કે તા.૨૧ એપ્રિલે ભક્તોના દર્શન માટે રાબેતા મુજબ ખલશે. દિપેશ્વરી ધામ ઉંટરડાના ટ્રસ્ટી નવીનચંદ્ર ઉપાધ્યાયે જણાવ્યું કે કોવિડ-૧૯ કોરોના વાયરસની મહામારીને ધ્યાને રાખી ધાર્મિક સ્થળોએ મોટી સંખ્યામાં માણસો ભેગા થવા ઉપર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું અમલી બન્યું છે તે મુજબ તા.૧૧ થી ૩૦ એપ્રિલ સુધી દિપેશ્વરી માતાજી મંદિર પરીસર દર્શન માટે સદંતર બંધ રાખેલ છે. દરેક ભક્તોએ ઘરે રહીને માતાજીના દર્શન-આરાધના કરવા અપીલ કરી છે.

## ઉત્તર ગુજરાતમાં ગાયત્રી પરિવારનું આપ કે દ્વાર પહોંચ્યા હરિદ્વાર..નો વિરાટ કાર્યક્રમ શરૂ

### ઘર બેઠાં કુંભમેળો હરિદ્વારનું ગંગાસ્નાન, ૧૦ લાખ ઘર સુધી પહોંચવાનું અભિયાન

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૧ ગાયત્રી તિર્થ શાંતિકુંજ હરિદ્વાર દ્વારા હર હર ગંગે - ઘર ઘર ગંગેના નારા સાથે આપ કે દ્વાર પહોંચ્યા હરિદ્વાર..ના નેજા હેઠળ દરેક ઘરમાં કરેલ ગંગા માતાના દેવસ્થાપનની બોટલમાંથી ૧૦ ટીપાં પાણી ભરી સોમવતી અમાસ, વૈશાખી પર્વ, રામ નવમી અને ચૈત્ર સુદ પુનમ તે પૈકી એક દિવસે ઘર બેઠાં કુંભમેળો હરિદ્વારનું ગંગાસ્નાનના કાર્યક્રમો સાબરકાંઠા, અરવલ્લી જિલ્લા ઉપરાંત ઉત્તર ગુજરાતમાં યોજાઈ રહ્યા છે. ગાયત્રી પરિવાર દ્વારા ભારત અને વિદેશમાં ૧૦ લાખ ઘર સુધી પહોંચવાના વિરાટ કાર્યક્રમને વ્યાપક જનસમર્થન મળી રહ્યું છે. ગાયત્રી પરિવારની બહેનો દ્વારા કોરોના ગાઈડલાઈનના પાલન સાથે ઘેર..ઘેર કાર્યક્રમ યોજાઈ રહ્યા છે.

કોરોનાના કારણે ઉત્તરાખંડના પવિત્ર તિર્થધામ હરિદ્વારમાં યોજાતો કુંભમેળામાં કેટલાક આયોજનો રદ કરવામાં આવ્યા છે. હિન્દુ શાસ્ત્રોમાં દર ૧૨ વર્ષે યોજાતા કુંભમેળાનું આગવું મહત્વ આલેખ્યું છે પરંતુ આ વર્ષે કોરોનાની આપદાએ વિશ્વ સહિત ભારત દેશને હચમચાવી મૂક્યો છે.



કુંભમેળામાં જવાની ઈચ્છા હોય તેવા અનેક પરિવારોએ વર્તમાન સ્થિતિને ધ્યાને રાખી હરિદ્વારનો પ્રવાસ મુલત્વી રાખ્યો હોય આ સંજોગોમાં ગાયત્રી તિર્થ શાંતિકુંજ હરિદ્વારના સૂક્ષ્મ શરણમાં ગાયત્રી શક્તિપીઠ-બાયડ દ્વારા અરવલ્લી જિલ્લામાં હર હર ગંગે - ઘર ઘર ગંગે અભિયાન શરૂ થયું છે. ગાયત્રી શક્તિપીઠ-બાયડના ચેતનાબેન પટેલે જણાવ્યું કે હરિદ્વાર પ્રયાગરાજ, ઉજ્જૈન અને નાસિકમાં અમૃત છલકાવવાથી ૪ ટીપાં છલકાઈને ગયાં આ જ ૪ નગરોમાં દર વર્ષે કુંભમેળાનું

● અનુસંધાન પાના - ૭ પર